## (૭) ટ્રેક નં. ૧૨ : શુદ્ધ પર્યાયનો આશ્રય શુદ્ધાત્મા

✿ શુદ્ધ પર્યાય એટલે કે રત્નત્રય માટે કોનો આશ્રય લેવો ? શુદ્ધાત્માનો. કેવી રીતે ? ચાલો પૂછી લઈએ આપણા પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીને જ.
✿ માંગલિક
✿ ભક્તિ : ધ્રુવ તત્ત્વમાં બુદ્ધિ લાગી, અનુભવ દશાયુ આવી રે (૨)
✿ અખંડ ચૈતન્ય પ્રભુ ! પૂર્ણ અંશ-ઉસકે આશ્રયસે સમ્યક્‌દર્શન, ઉસકે આશ્રયસે સમ્યક્‌જ્ઞાન, ઉસકે આશ્રયસે ચારિત્ર, ઉસકે આશ્રયસે આનંદ, ઉસકે આશ્રયસે સ્વચ્છતા, ઉસકે આશ્રયસે પ્રભુતા, ઉસકે આશ્રયસે શુક્લધ્યાન, ઉસકે આશ્રયસે કેવળજ્ઞાન.
✿ તું મોક્ષ સ્વરૂપ છો, તું છો મોક્ષ સ્વરૂપ. પારિણામિક ભાવ સ્વભાવ તે મોક્ષસ્વરૂપ છે. એ મોક્ષ પારિણામિક સ્વભાવભાવે વસ્તુ છે. જેમાં પર્યાયનો પણ અભાવ છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક-જે દશા એનાથી રહિત જે જ્ઞાયક પારિણામિક સ્વભાવભાવ ધ્રુવ છે, તેનો જ આશ્રય કરવાથી ધર્મની શરૂઆત થાય છે.
✿ પૂરો નિર્મળ છે ત્રિકાળ પરિપૂર્ણ છે ત્રિકાળ. પરમ નિરપેક્ષ છે. કોઈની અપેક્ષા જ્યાં નથી. ધ્રુવ છે. ત્રિકાળી પરિપૂર્ણ સામર્થ્યવાન છે. ધ્રુવ. એવા ભેદે પરમપારિણામિકભાવનો જ આશ્રય કરવાયોગ્ય છે. એટલે કે પરમાર્થે અસલી વસ્તુનો જ. (આશ્રય કરવા યોગ્ય છે.)
✿ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એનો આશ્રય લઈને જે શુદ્ધ પર્યાય પ્રગટી એનો એ થાક નથી. એ તો એનો સ્વભાવ છે. શુદ્ધતાનો સ્વભાવ ભગવાનનો-ત્રિકાળી આત્માનો એમાંથી પ્રગટેલી પર્યાય એ તો શુદ્ધ છે, એ શુદ્ધમાં થાક નથી. સમ નથી. ત્યાં તો આનંદ છે. જેટલું સાધન એટલું સુખ.
✿ દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ-જે તત્ત્વ છે-એક સમયની પર્યાયની સમીપમાં ધ્રુવ ચેતન છે, જે અનંતગુણોનું એકરૂપ છે તેને અહીં પરમાત્મા 'દ્રવ્ય' કહે છે. એ દ્રવ્યને ગ્રહણ કરતા શુદ્ધતા પ્રગટે એટલે કે ધર્મ પ્રગટે. એ ત્રિકાળી વસ્તુને પકડતા એની પર્યાયમાં સમ્યક્‌દર્શન,

જ્ઞાન પ્રગટે. પણ જો તે પર્યાયમાં રોકાઈ ગયો અને એક સમયની દશામાં ચોંટી ગયો તો દ્રવ્યની દૃષ્ટિ સમ્યક્દૃષ્ટિ (ને) ખાઈ જાય છે. મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે.

✿ જે ત્રિકાળી સ્વરૂપ-એકરૂપ ત્રિકાળ-તેને ઓળખ. પર્યાય તેને સન્મુખ થયો અને આશ્રય લીધો તો-'આશ્રય'નો અર્થ એટલો નથી કે એ પર્યાય દ્રવ્યમાં ભળે માટે દ્રવ્યે આશ્રય આપ્યો. 'આશ્રય'નો અર્થ એટલો કે પર્યાય આમ વળી. જે આમ વળેલી હતી બહારમાં. તે અંતર વળી. બસ! એને 'દ્રવ્યનો આશ્રય લીધો' એમ કહેવાય. છતાં તે પર્યાય દ્રવ્યમાં નથી અને તે પર્યાય થઈ તેમાં દ્રવ્ય નથી.

✿ પૂર્ણાનંદનું અસ્તિત્વ-જો પર્યાય વર્તમાનદશા હૈ યે જો રાગને સન્મુખ પરદ્રવ્ય સન્મુખથી વો પર્યાયકો તો ત્યાં રહી. પીછે દૂસરી પર્યાય જો દ્રવ્યમેંસે ઉત્પન્ન હુઈ ઔર દ્રવ્યકા આશ્રય ઉસને લિયા, ઉત્પન્ન હુઈ ઔર આશ્રય લિયા.

✿ સત્ 'સત્' છે એ પ્રગટે છે અને અસત્ પર્યાયની અપેક્ષાએ એ પર્યાય ન હતી અને પ્રગટી. તે અસત્ પર્યાય-પર્યાયની અપેક્ષાએ નહોતી એ પ્રગટી. વસ્તુના સ્વભાવની અપેક્ષાએ એ અંશ આવ્યો ક્યાંથી ? ક્યાંય બહારથી આવે છે? કોઈ પૂર્વની પર્યાયમાંથી આવે છે ? પૂર્વની પર્યાયમાંથી પૂર્ણ અંશ આવે છે ? એ તો હતું તે આવ્યું. 'છે તે છે' રૂપે થયું તેમાં નવીન વિશેષતા શું છે?

✿ જે કાંઈ જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, જે તને મોટપ લાગે કોઈપણ ગુણની કે દશાની, તે બધું આત્મામાં છે. બધું આત્મામાં છે. શું આત્માનું? બધું આત્મામાં છે એટલે આત્માનું બધું આત્મામાં છે. એને પહેલી શ્રદ્ધામાં તો લે. એના વીર્યમાં ત્યાં અટકી જાય એવી શ્રદ્ધા તો કર. પરના આશ્રયમાં લાભ નથી. જે છે તે બધું મારામાં છે ! અને કરવું છે એ મારા આશ્રયથી કરવાનું મારે છે. એમાં ત્રણ લોકના નાથનો પણ આશ્રય મારે નથી.

✿ 'નિશ્ચયનય આશ્રિતનો' અર્થ જ એ છે કે નિશ્ચય તો ત્રિકાળ છે પણ એને આશ્રયે જે પરિણતિ પ્રગટ થાય એનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય. નિશ્ચય

છે એ તો ત્રિકાળી દ્રવ્ય છે. પણ દ્રવ્યને આશ્રયે પરિણતી વીતરાગી થઈ એ પણ નિશ્ચય છે. આ પર્યાયનો નિશ્ચય છે અહીં. નિશ્ચયનય પર્યાયનો જે આશ્રય છે. પર્યાયે આશ્રય કર્યો છે દ્રવ્યનો, પણ એની પર્યાયમાં જે વીતરાગતા છે તે નિશ્ચયનયને આશ્રયે મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.

✿ દ્રવ્ય તો નિવૃત્ત જ છે. રાગ ટળે તો નિવૃત્ત થાય એમેય નથી. એ તો પર્યાયમાં પછી. વસ્તુ તો નિવૃત્ત જ છે. તેને દૃઢપણે અવલંબીને, તેનો દૃઢપણે આશ્રય લઈને વિભાવથી પણ નિવૃત્ત થાવ ભવિષ્યના. ભવિષ્યના વિભાવથી પણ નિવૃત્ત થાવ.

✿ આત્માનો આશ્રય કર. રાગનો આશ્રય છોડ. પરથી ખસ, સ્વ(માં) વસ. એટલું બસ. એ ટૂંકું ટચ. ચાહે તો ભગવાનની ભક્તિનો અને ના સ્મરણનો રાગ. પણ રાગથી હટ, ખસ. કારણ કે વીતરાગમાર્ગ છે આ. રાગથી હટ-સ્વભાવમાં વસ.

✿ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનનો દરિયો છે એ તો મોટો-એનો જો આશ્રય કરીશ, એનું અવલંબન લઈશ તો મંગલસ્વરૂપ પર્યાયો પ્રગટશે તો પવિત્ર સમ્યગ્દર્શન, જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને આનંદની દશાઓ તને પ્રગટ થશે.

✿ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર-મોક્ષકા માર્ગ એ તો અખંડ દ્રવ્ય જે ચૈતન્ય હૈ ઉસકે આશ્રયસે સત્ પ્રગટ હોતા હૈ. 'સત્' નામ દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદ આદિ સબ યે અખંડ દ્રવ્યકે આશ્રયસે પ્રગટ હોતા હૈ.

✿ યે રાગમેં કંઈ પ્રભુ આત્મા નહીં. સમ્યક્દર્શનકી પર્યાય ઉસમેંસે આતી નહીં. ભગવાન આત્મામેં દર્શન, જ્ઞાન, ચારિત્ર પરિપૂર્ણ પડા હૈ, ઉસમેંસે આતા હૈ, ઉસકે આશ્રયસે આતા હૈ. ઉસમેંસે ને ઉસકે આશ્રયસે. રાગસે અને રાગકા આશ્રયસે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા નહીં.

✿ એ અખંડ કહતે હૈ પર્યાયકા આશ્રય ભી નહીં, રાગકા આશ્રય તો નહીં, નિમિત્તકા તો નહીં, દેવ-ગુરુકા નિમિત્તસે સમ્યક્દર્શન હોતા હૈ ઐસા તો નહીં. દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ હૈ ઉસમેંસે નહીં ઔર રાગકો જાનનેવાલી વર્તમાન પર્યાય હૈ વો પર્યાયકા આશ્રયસે ભી નહીં.

✿ મેં જ્ઞાતા હૂઁ, ઐસા સ્વયં અપનેકો જાને. મેં તો જાનન, દેખન, આનંદ સ્વરૂપ પ્રભુ ઐસા અપનેકો સ્વકા આશ્રય લેકર સ્વસન્મુખ હોકર જાને.

✿ સ્વયં અપનેકો જાને, પરસે નહીં. સ્વયં અપના સ્વરૂપ આનંદ અને સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ-અપનેકો સ્વયં અપની નિર્મળ પર્યાયસે જાને. સ્વયં અપનેકો (જાને) અપનેસે. રાગસે જાનનમેં આતા નહીં. વ્યવહારસે જાનનેમેં આતા નહીં. સ્વયં અપનેસે અપનેકો જાને. નિર્વિકલ્પ સ્વરૂપ ભગવાન આત્મા એ નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ જ્ઞાનસે અપનેકો જાને.

✿ હે મુસાફિર ! પરિભ્રમણ કરતે કરતે કરતે કરતે અનંત ભવ કર્યા-પ્રભુ તે, અને પર પદાર્થની અભિલાષાસે દુઃખી હૈ. મુસાફર ! તું દુઃખી છે. સ્વ પદાર્થકા આશ્રય લિયા નહીં.

✿ ભક્તિ : શુદ્ધજ્ઞાનાતિ જલ મેરે ભીતર ભરા,
ફિર ભી મૈં ઢૂંઢતા હૂઁ યહાં ઔર વહાં,
મત્સ્ય જલ સિંધુમેં રહે કે પ્યાસા રહે,
મોડ ઈસકે બરાબર મિલેગા કહાઁ.

✿ પ્રભુ તુમ વીતરાગી તો હૈ, પ્રભુ તુમ જિન સ્વરૂપ તો હૈ, ઔર ઉસકા આશ્રય લેકર વીતરાગતા પ્રગટ કરો-યે મુનિયોંકા ઉપદેશ હૈ.

✿ સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પરિણામ છે તે દ્રવ્યને અવલંબે થયેલા. એને પરની કોઈ અપેક્ષા નથી. પરમ નિરપેક્ષ છે. પ્રભુ ! તું જિનસ્વરૂપ છો એ પરમ નિરપેક્ષતારૂપ તત્ત્વ અંદર રાગ અને અપેક્ષા વિનાનો.

✿ પૂર્ણ નિર્લેપ દ્રવ્ય સ્વભાવ-એનો જઘન્ય સમકિતની પર્યાયમાં આશ્રય લીધો તો નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્રનો અંશ પ્રગટ્યો. વિશેષ આશ્રય લીધો તો ચારિત્ર પ્રગટ્યું-સ્વરૂપની રમણતા. પૂર્ણ આશ્રય લીધો તો કેવળજ્ઞાન પ્રગટ્યું.

✿ અસંખ્ય પ્રદેશી અનંત અનંત ગુણનો સાગર-એનો આશ્રય લેતા પર્યાયમાં અનંતા ગુણો ખીલીને અંકૂરા ફૂટી જાય છે. અસંખ્ય પ્રદેશ ખીલી ઊઠે છે.

✿ આત્મારૂપી પરમ પવિત્ર તીર્થ છે કેમકે તરવાનો ઉપાય તેમાંથી પ્રગટ

થાય છે. એને તીર્થ કહીએ, કેવળજ્ઞાનને પામવાનો જે ઉપાય છે તે એમાંથી આવે છે. એટલે કે એનો આશ્રય કરવાથી આવે છે. એ સ્વરૂપમાં આરૂઢ થાય એ તીર્થ છે. એ તીર્થની જાત્રા એણે કરી.

✿ આ આત્મા પરમ તીર્થ છે જેમાં આરૂઢ થવાથી પવિત્રતાની ધારા પ્રગટ થાય. અતીન્દ્રિય આનંદનો ધોધ વરસે એવો એ ભગવાન આત્મા પવિત્ર તીર્થ-એમાં સ્નાન કર. જા એમાં જા. એમાં સ્નાન કર. તારો સંસાર રાખ થઈ જશે બળીને અને પવિત્રતા પ્રગટશે. પ્રભુ !

✿ જેને આત્મામાં દૃષ્ટિ કરવી છે એણે દેવ-ગુરુનો પણ આધાર ન લેવો જોઈએ. એની ભક્તિનો રાગ-એનોય આધાર ન લેવો જોઈએ. તેમ રાગને જાણનારી વર્તમાન દશા-એનોય આધાર ન લેવો જોઈએ. અંદરમાં જનારે આત્માનો આધાર લેવો જોઈએ. ત્રિકાળી જ્ઞાયક ભાવનો આધાર લેવો જોઈએ.

✿ અરે ! એકલો, એકલો આવ્યો, એકલો છે અને એકલો જાશે. એવો ચૈતન્ય ભગવાન એકલો રાગ વિનાનો છે. ત્રિકાળી પ્રભુ છે એ તો. એની સન્મુખ થઈને એનો જેણે આશ્રય લીધો તે તેનું જીવન છે.

✿ અનંતા ચૈતન્યના રતનના ઝાડના ભર્યા ફૂલ પડ્યો છે અંદર, એ બાગમાં ગયો અને જ્યાં જાણ્યું ત્યારે તેને એમ થયું કે પરથી તો જુદાપણું જ છે આ તો. પરની કોઈ અપેક્ષા નથી એને. જેનાથી જુદો છે એની અપેક્ષાથી જણાય એવી એ ચીજ નથી.

✿ અનંત-અનંત ગુણનું ધામ-એનો આશ્રય લેતા જે નિર્મળદશા પ્રગટે એ જીવન છે એ જીવતો જીવ છે.

✿ એવા જીવના જીવનને નિર્મળદશા થાય-સ્વભાવને આશ્રયે તે જીવનું ટકવું-ટકેલો તો ત્રિકાળ છે પણ 'ટકેલાને ટકેલું છે' એમ જે અનુભવમાં આવવું એ જીવનું જીવન છે.

✿ આ જિન સ્વરૂપ છે ને પોતે જ. એની સન્મુખ જા. એનો આશ્રય લે. તો તને સમ્યક્‌દર્શન અને વીતરાગી પર્યાય પ્રગટ થશે અને પછી પણ સ્વનો આશ્રય વિશેષ કર તો વીતરાગની વૃદ્ધિ થશે. વીતરાગી દૃષ્ટિ થઈ તો વીતરાગી પર્યાય થઈ, પછી ટકી રહેશે અને તેની વૃદ્ધિ પામશે.

ત્રિકાળી ભગવાનનો આશ્રય લેતાં તે વૃદ્ધિ પામશે-એવો ગુરુનો ઉપદેશ હોય.

✿ શુદ્ધકા સ્વીકાર કરનેસે ત્રિકાળી પવિત્રતાકા પિંડ પ્રભુ મૈ હૂઁ. અરે ! 'મૈં પરમાત્મા હી હૂઁ'-'પરમ આત્મા' નામ 'પરમ સ્વરૂપ'. ઐસા શુદ્ધકા સ્વીકાર કરનેસે પર્યાયકી રચના શુદ્ધ હી હોતી હૈ. ક્યોંકિ (અપનેમેં) વીર્ય નામકા ગુણ પડા હૈ આત્મામેં. તો જબ શુદ્ધ ઉપર દૃષ્ટિ હુઈ ઔર ત્રિકાલકા સ્વીકાર હુઆ તો વીર્યકા સ્વભાવ પરિપૂર્ણ હૈ વો ભી સ્વીકાર આ ગયા, તો એ વીર્યકી કાર્યશક્તિ ક્યા ? સ્વરૂપની શુદ્ધ રચના કરે તે વીર્ય. 'પરિપૂર્ણ પરમાત્મા શુદ્ધ હૂઁ' ઐસા સ્વીકાર કરનેસે વીર્યકી રચના-સ્વરૂપકી રચના-પર્યાયકી રચના શુદ્ધ હી હોતી હૈ. ક્યોંકિ અંદર વીર્ય નામકા પુરુષાર્થ અંતરમેં અનંત પડા હૈ-ઉસકા સ્વીકાર સારા દ્રવ્ય કરનેમેંસે આ ગયા તો એ વીર્ય અપની શુદ્ધ પર્યાયકી રચના કરે યે કાર્ય ઉસકા હૈ.

✿ અહીંયા (એ) શુદ્ધ ભાવ-શાશ્વત ઉપર દૃષ્ટિ પડતાં બળવાન આત્મદ્રવ્ય હોવાથી જેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ-શુદ્ધ ત્રિકાળીનો જ્યાં સ્વીકાર થયો એટલે 'શુદ્ધ' નામ આનંદની દશા, સમ્યક્દર્શનની દશા, શાંતિની દશા, ઈશ્વરતાની, પ્રભુતાની દશા-એ શુદ્ધતા પ્રગટે જ.

✿ એની જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એના ત્રિકાળીનો આશ્રય લેવો. એ પર્યાય એમ માને કે 'હું તો ત્રિકાળી પરમાત્મદ્રવ્ય છું તે હું છું-પર્યાય હું છું' એ નહીં.

✿ જેને આત્મામાં જવું છે વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા-શુદ્ધ જ્ઞાનઘન, આનંદકંદ-એમાં જેને જવું છે, એને આત્માનો આધાર લે. જેમાં જવું છે એનો આધાર લે. એને આશ્રયે જા. કોઈપણ વિકલ્પ છે, રાગની લાગણી, ચાહે તો ભક્તિની કે નામસ્મરણની—એને આધારે અંદરમાં નહીં જવાય.

✿ ગુણને આશ્રયે ગુણ નહીં, ગુણ દ્રવ્યને આશ્રયે છે. તો અપના જે જ્ઞાન ગુણ હૈ-ઉસકે આશ્રયે અસ્તિત્વ નહીં, અથવા અસ્તિત્વ ગુણકે આશ્રયે જ્ઞાનગુણ નહીં, પણ જ્ઞાનગુણમેં 'જ્ઞાન હૈ' ઐસા અસ્તિત્વપણા અપને ગુણમેં ઐસા હૈ, અસ્તિત્વ ગુણકે કારણસે નહીં.

✿ નિમિત્તકા અને વર્તમાન પર્યાયકા આશ્રય થા. એ પર્યાયમેં દ્રવ્ય-

ત્રિકાળી ભગવાનકા આશ્રય હુઆ. પર્યાયમેં જે ત્રિકાળી જ્ઞાયકભાવકા લક્ષ હુઆ તો હી આશ્રય લિયા ઐસા કહનેમેં આતા હૈ. ઐસી પર્યાયમેં અનંત ગુણકા જ્યાં આશ્રય હુઆ થા તો પર્યાય ભી 'અકાર્યકારણ' નામકી પર્યાય ઉત્પન્ન હુઈ કિ જો પર્યાયમેં વ્યવહાર કારણ અને નિશ્ચય કાર્ય-એ વસ્તુના સ્વરૂપમેં નહીં. સમ્યક્જ્ઞાનકી પર્યાય જો સ્વદષ્ટિકે લક્ષસે હુઈ એ પર્યાયમે પર કોઈ જ્ઞાનકી ક્ષયોપશમ, પરકા સમજના-એ કારણ અને જ્ઞાનકી પર્યાય કાર્ય-એ પર્યાયમેં ઐસા હૈ નહીં. એ પર્યાય અકાર્યકારણપણે પરિણમી હૈ.

✿ પૂર્ણ સ્વરૂપ જો અંદર હૈ-ઉસકા આશ્રયસે પૂર્ણ પર્યાય ઉત્પન્ન હોતી હૈ. કેવળજ્ઞાન, પરિપૂર્ણ અનંત આનંદ એ પરિપૂર્ણ પર્યાય હૈ એ પરિપૂર્ણ સ્વભાવકે આશ્રયસે હોતી હૈ.

✿ મોક્ષમાર્ગકી પર્યાય હૈ તો મોક્ષ હોગા ઐસા નહીં. ક્યોંકિ મોક્ષમાર્ગકી પર્યાય એ અપના દ્રવ્યકા અલ્પ આશ્રયસે ઉત્પન્ન હુઈ હૈ અને કેવળજ્ઞાન એ ઉગ્ર આશ્રયસે કેવળજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ. કેવળ પરિપૂર્ણ પર્યાય પૂર્ણ આશ્રય કરનેસે (હોતી હૈ) મોક્ષમાર્ગસે ભી નહીં. ઉસકા આશ્રય એક કારણ બંધનકા કારણ અનંત અનંત હૈ. અહાહા ! શુભભાવ પણ અનંત પ્રકારકા હૈં. અશુભભાવ ભી અસંખ્ય પ્રકારકા-ભગવાન કહતે હૈ ઔર ઉસકી તારતમ્યતાકા ભાવ શુભકા ભી અનંત હૈ અને અશુભકા ભી અનંત હૈ.

✿ વિકૃત અવસ્થા મર્યાદિત હૈ અને પૂર્ણ જે સ્વભાવ હૈ યે અમર્યાદિત ત્રિકાળ હૈ. તો વિકૃત અવસ્થાકી સીમા હૈ, તો મર્યાદિત હૈ તો છૂટ જાયેગા. જે અંતરમાં સ્વરૂપ જો આત્માકે આશ્રયસે પ્રાપ્ત હુઆ ધરમ-ઉસકો રક્ષણ કરે ઔર કેવળજ્ઞાનાદિ નહીં પાયા હૈ ઉસકા પ્રયત્ન કરકે પામે-ઉસકો યહાં 'નાથ' કહનેમેં આતા હૈ.

✿ એક સમયકી નિર્મળ પર્યાય હૈ ઉસકો ભી પરદ્રવ્ય કહા હૈ કિ જૈસે પરદ્રવ્યમેંસે નયી પર્યાય શુદ્ધિકી ઉત્પન્ન હોતી નહીં. ઐસે પર્યાયમેંસે નિર્મળ પર્યાય (નિર્મળ) ઉત્પન્ન હોતી નહીં. નિર્મળ પર્યાય ઉત્પન્ન હુઈ અને વિશેષ નિર્મળ પર્યાય ઉત્પન્ન હોતી હૈ. યે પર્યાયમેંસે નિર્મળ પર્યાય નહીં ઉત્પન્ન હોતી. ત્રિકાળી જ્ઞાયકભાવકે આશ્રયસે નિર્મળ પર્યાય ઉત્પન્ન હોતી હૈ.

✿ (ઐસા) મોક્ષ સ્વરૂપ ભગવાન આત્મા ઉસકા આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ, ઉસકે આશ્રયસે ચારિત્ર હોતા હૈ, ઉસકે આશ્રયસે શુક્લધ્યાન હોતા હૈ, ઉસકે આશ્રયસે કેવળજ્ઞાન હોતા હૈ.

✿ જે જે દેખી વીતરાગને તે તે હોસી વીરા રે,
અનહોની કબહૂ ન હોસે કાહેત હોત અધીરા રે.

પણ ઉસકી દૃષ્ટિ કહાઁ હૈ? હૈ જિસકો વીતરાગે દીઠા ઐસા માના ઉસકો તો વીતરાગકી પર્યાયકી પ્રતીતિ હુઈ કે નહીં ? અને વીતરાગ પર્યાયકી પ્રતીતિ હોતી હૈ એ પર્યાયકે આશ્રયસે પર્યાયકી પ્રતીતિ નહીં હોતી. વીતરાગ પર્યાયકી પ્રતીતિ વીતરાગ સ્વરૂપ ત્રિકાળ હૈ ઉસકે આશ્રયસે પ્રતીતિ હોતી હૈ.

✿ મુનિપણાકી પર્યાયકે આશ્રયસે કેવલજ્ઞાન નહીં હોગા, મોક્ષમાર્ગકી પર્યાયકા વ્યય હોતા હૈ અને કેવલજ્ઞાનકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ તો વ્યયમેંસે ઉત્પન્ન નહીં હોગા. ત્રિકાળીમેં ઉગ્ર આશ્રય કરનેસે કેવળજ્ઞાન હોગા.

✿ અંતરકા દ્રવ્યમેં ઉગ્ર પુરુષાર્થ હોકર સ્થિરતા હો તબ ચારિત્ર હોતા હૈ. દ્રવ્યકે આશ્રયમેં જો સમકિત હુઆ વો હી દ્રવ્યકા આશ્રય (જબ) ઉગ્ર કરે તબ ચારિત્ર હોતા હૈ.

✿ પર્યાયમાં દ્રવ્ય સામર્થ્ય હૈ તે દ્રવ્ય સારા આતા નહીં. તો સારા દ્રવ્ય જો હૈ-પરિપૂર્ણ ભગવાન સ્વરૂપ હૈ, નિષ્ક્રિય હૈ, તળ હૈ, પર્યાયકા તળ હૈ, તળિયા હૈ, ભોંયમાં-તો ભોંય તળમેં જાતે હૈં ન ? ભોંયરામેં. એક સમયકી પર્યાયકો છોડકર ભોયતળમેં જા ને ! અંદર જા ને !!

✿ દ્રવ્યકી જો પર્યાય હૈ એ પર્યાયકો દ્રવ્યકે પાતાળમેં લે જા. દ્રવ્ય સ્વભાવ એ પાતાળ હૈ. પર્યાય એ ઉપરકી ચીજ હૈ. એ વર્તમાન પર્યાયકો સૂક્ષ્મ કરકે ગહરે પાતાળમેં લે જા. તેરેકો આનંદ હોગા, તેરેકો શાંતિ હોગી.

✿ ભક્તિ : શુદ્ધ ચૈતન્યઘન આત્માકે લિયે,
માત્ર અપના ચતુષ્ટય હી પર્યાપ્ત હૈ,

પરકે સિદ્ધત્વસે લેના દેના હૈ ક્યા?
મેરા સિદ્ધત્વ તો મેરે હી પાસ હૈ.

✿ આત્માકે હી શરણ જાના. ભગવાન જ્ઞાયક-આનંદ સ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદનું દળ-ત્યાં શરણમેં જાને. ઉસકા શરણ લે. રાગમેં શરણ હૈ નહીં. પર્યાયકી દૃષ્ટિમેં શરણ હૈ નહીં. ક્યોંકિ એક અંશમેંસે સારા આત્મા તો આયા નહીં.

✿ બડેકે આશ્રયસે હી સબ પ્રગટ હોતા હૈ. મહા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ-બડેકે આશ્રયસે સબ હોતા હૈ, પર્યાયકા અંશસે બડા ભગવાન ત્રિકાળ હૈ ઉસકે આશ્રયસે હી સબ પ્રગટ હોતા હૈ.

✿ 'સત્ લક્ષણ દ્રવ્ય 'હૈ' ઐસા લક્ષણવાળા દ્રવ્ય. 'હૈ' એ ધ્રુવ અને વ્યય ઉત્પાદ-ઐસા લક્ષણવાલા સત્. ઐસા લક્ષણવાલા 'આત્મા'-ઉસીકા પરિચય રખ. રાગકા, વ્યવહારકા નહીં. પર્યાયકા પરિચય નહીં. જિનસ્વરૂપી સત્ લક્ષણવાળા ભગવાન-ઉસકા પરિચય કરનેસે, એ તરફકી એકાગ્રતા હોનેસે જે ભાવ હોતા હૈ યે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર યે પરિણામ હૈ. એ વીતરાગ પર્યાય હૈ અને એ વીતરાગી પર્યાય-પૂર્ણ સર્વજ્ઞ વીતરાગી પર્યાયકા વ્યવહાર કારણ કહનેમેં આતા હૈ. રાગાદિ તો નહીં પણ આ વ્યવહાર કારણ હૈ, નિશ્ચય કારણ-એ સમયે સર્વજ્ઞ(તા) અને વીતરાગતા ઉત્પન્ન હોના. ઉસકા નિશ્ચય કારણ તો ત્રિકાળી દ્રવ્યકા પરિચય હૈ. મેરા સ્વભાવ વીતરાગી જ્ઞાનસે ભરા હૈ, એ ઉસકા પરિચય કર. પ્રભુ! જ્યાં લગી પૂર્ણ સર્વજ્ઞ અને વીતરાગ ન થાય ત્યાં લગી ઉસકા પરિચય રાખ. હે આત્મા ! વીતરાગ પરિચયમેં રહે, વીતરાગ સ્વરૂપી ભગવાનકે પરિચયમેં વીતરાગ ભાવસે રહે-વો હી મોક્ષમાર્ગ હૈ. પાંચ પાંડવો-તીન પાંડવો તો અપના આત્માકા પરિચયમેં પડા અંદરમેં આનંદમેં. મુક્તિ હો ગઈ. દો પાંડવ-અપના પરિચય ઉસકો હૈ પણ ઉસમેંસે જરી અસ્થિરતા આતી હૈ એક વિકલ્પકા-યે શુભભાવ-સાધર્મી સંતો ક્યા હૈ? લોહાકા આભરણ પહેરાયા. રાજકુમાર, સહોદર. એક માતાની પેટસે ઉત્પન્ન હુઆ-સાધર્મી-વડીલ ઉંમરમેં. ઉસકો ક્યા હોગા ? ઐસા વિકલ્પ આયા, દો ભવ બઢ ગયા. શુભ રાગ-એ સંસારના

દો ભવ બઢ ગયા. ૩૩ સાગરનો સર્વાર્થસિદ્ધ ભવ, મનુષ્યભવ હોગા તો કંઈ તરત જ જન્મે ને કંઈ કેવળ નહીં હોગા. ભાઈ ! અપના પરિચય છોડકર વિકલ્પમેં આના પ્રભુ ! એ ભવ હૈ એ તો સંસાર હૈ.

✿ બાર અંગમેં કહા 'ભગવાનકી અનુભૂતિ કરના એટલે કે વીતરાગી પર્યાય કરના' અને એ વીતરાગી પર્યાય દ્રવ્યકે આશ્રયસે હોતી હૈ. ઉસકા અર્થ કે ચાર અનુયોગો એમ કહતે હૈ કિ ત્રિકાળનાથ જિન સ્વરૂપ હૈ (ઉસકા) આશ્રય લે. વ્યવહાર ને નિમિત્ત અને લૌકિક સંગકા આશ્રય છોડ દે પ્રભુ !

✿ આતમજ્ઞાન-નિત્ય સ્થિર પ્રભુ ! ઉસકા જ્ઞાન. એ અંતર્મુખ હોકર ઉસકા જ્ઞાન હોતા હૈ. તો બહારકા કોઈ કારણસે અંતર્મુખ આત્મજ્ઞાન તીનકાલમેં હોતા નહીં.

✿ ભૂત-ભવિષ્યની પર્યાય સહિત દ્રવ્યકો સમયમાત્રમેં જાનનેમેં આતા હૈ. પૂર્ણ દ્રવ્યકી પ્રતીતિ કરનેસે એક સમયમેં સમ્યક્દર્શનકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ ઔર (દૂસરે) ઉસકે વિશેષ આશ્રય લેનેસે ચારિત્રકી પર્યાય અને પૂર્ણ આશ્રય લેનેસે, પૂર્ણ રૂપકો દેખનેસે, ભૂત, ભવિષ્યની પર્યાયો સહિત. ભૂતની ગયા કાળની પર્યાય કઈ પહેલી? પહેલી ક્યા હૈ પ્રભુ, એ ગંભીર ચીજ હૈ. આખિરકી ચીજ ક્યા હૈ ? દેખા હૈ તો આખિરકી કઈ ચીજ? અલોકકો દેખા તો અલોકકા અંત ક્યાં એણે દેખ્યા? અંત નહીં, પર્યાયનો અંત નહીં. શરૂઆત નહીં. ઐસે દેખા. આ સર્વજ્ઞપદ. એ આત્માકો પૂર્ણ દેખનેસે હોતા હૈ.

✿ દુર્લભ દુર્લભ વસ્તુ થઈ પડી છે. પણ અશક્ય નથી. અપની ચીજ હૈ ઉસકો પ્રાપ્ત કરના (શક્ય હૈ), પરમાણુ અને રાગકો અપના કરના વો તો બની શકે નહીં. સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા હી હૈ. વર્તમાન શુદ્ધતા પ્રગટી એ કાંઈ સાધ્ય નહીં. એથી પૂર્ણ શુદ્ધાત્મા કહા. સાધકદશા પ્રગટી-સમ્યક્દર્શન-જ્ઞાન. ત્યાં શુદ્ધતા તો આઈ. શુદ્ધોપયોગ આયા, શુદ્ધ પરિણતી આઈ, પણ એ પૂર્ણ સાધ્ય નહીં. ઉસી પ્રકાર સાધકકો શુભાદિકા વ્યવહાર આતા હૈ (પણ) સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા હી હૈ-હી હૈ. સાધકપણા પ્રગટ્યા એ સાધ્ય નહીં. સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા. પ્રયોજન

તો આત્માકા આનંદકી પૂર્ણ પ્રાપ્તિ-એ મુક્તિ. દુઃખકી દશાસે પૂર્ણ મુક્ત અને આનંદકી દશાસે પૂર્ણકી પ્રાપ્તિ-એ પ્રયોજનકી સિદ્ધિ-ભગવાન આત્માકે આશ્રયસે હોતી હી હૈ.

✿ એ વ્યવહાર હોતે પણ ધર્મીકી દૃષ્ટિ અનંત ગુણકા ધામ-અનંત શક્તિઓકા સંગ્રહ સ્વરૂપ પ્રભુ-ઉસકી ઉપર દૃષ્ટિ હૈ. ઈસમેં ગુણકા ખજાના પડા હૈ. ઉસકે આશ્રયસે ધર્મ પ્રગટ હોતા હૈ. ભગવાન પૂર્ણ આનંદ પ્રભુ-ઉસકે આશ્રયસે ધર્મ પ્રગટ હોતા હૈ, પરકે આશ્રયસે ધર્મ નહીં પ્રગટ હોતા. પરકા આશ્રય આતા હૈ, પણ એ શુભભાવ હૈ.

✿ 'સ્વસ્વામી સંબંધ' નામકા આત્મામેં એક ગુણ હૈ. તો અપના દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય ભી શુદ્ધ હુઈ ઈતના સ્વ અને ઉસકા આત્મા સ્વામી.

✿ પૂર્ણ પૂર્ણ પરમાત્મ સ્વરૂપ ભગવાન-એ ઉપર દૃષ્ટિ રખકર આગળ બઢ ? વિશેષ આશ્રય લે તો તેરી દશામેં પ્રથમ તો સમ્યક્‌દર્શન-જ્ઞાન-આનંદ આયેગા થોડા. પીછે ઉસકા પૂર્ણ (ઉપર) આશ્રય જોરદાર સે લેકર તેરી પર્યાયમેં સિદ્ધદશા પ્રગટ હોગી.

✿ સાધક હૈ તબ તક તો નિર્મળ પર્યાય અલ્પ હૈ, પણ અંદરમેં ઊંડે જાતે એકદમ પૂરા આશ્રય લિયા (તો) પર્યાયમેં પૂર્ણ પર્યાય પ્રગટ હો જાતે એટલે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ.

✿ રાગ દુઃખરૂપ હૈ-ભગવાન આનંદરૂપ હૈ. રાગ પ્રવૃતિરૂપ હૈ, ભગવાન નિવૃત્ત સ્વરૂપ હૈ, અંદર. ઐસા દુઃખકા ભાવ એ અપના આત્મામેં હોતા હૈ તો અપના આનંદકા આશ્રય લેકર યે દુઃખકા નાશ કરના.

✿ વસ્તુ નિર્લેપ હૈ તો ઉસકા આશ્રય કરના તો પર્યાયમેં ભી નિર્લેપતા રહેના. રાગકા સંબંધ અને નિમિત્તકા સંબંધમેં ન રહના.

✿ (આ) સમ્યક્‌દૃષ્ટિને પણ અખંડ તત્ત્વનો આશ્રય છે. પૂર્ણ વસ્તુ જે છે અખંડ-એનો આશ્રય છે નિમિત્તનો નહીં, રાગનો નહીં, પર્યાયનો નહીં, છતાં એને ભક્તિ, વ્રત, તપના ભાવ આવે, પણ દૃષ્ટિ સ્વભાવના સાધન ઉપર પડી છે એ એને નુકશાન નહીં કરે. વર્તમાન પર્યાય જે રાગ વિનાની છે એ પર્યાય-પણ રાગ છે એ તો પરના-નિમિત્તના લક્ષે થાય છે. અહીં તો સ્વના લક્ષે થયેલી પર્યાય-એ જ્ઞાનપર્યાય એ દ્રવ્યને લક્ષે છે.

દ્રવ્યનો આશ્રય છે એને, અને દ્રવ્ય જે વસ્તુ છે એની પર્યાય પોતાની છે. જે જ્ઞાન છે, શ્રદ્ધા છે એને પ્રાપ્ત થાય છે. આટલો જ્યાં સૂક્ષ્મ ઉપયોગ કામ કરે ત્યાં મોહ ટકી શકે નહીં.

✿ ભગવાન જ્ઞાયક સ્વરૂપ અખંડ-ઉસકા આશ્રય લિયા યે સુખી હૈ. ખંડખંડ જ્ઞાનકા આશ્રય લિયા યે દુઃખી હૈ. શુદ્ધ શાશ્વત ચૈતન્ય પ્રભુકે આશ્રયરૂપ-શુદ્ધ શાશ્વત ચૈતન્ય તત્ત્વકા આશ્રયરૂપ સ્વઅવસ્થાસે શાશ્વત સુખ પ્રગટ હોતા હૈ.

✿ દ્રવ્ય જેમ ત્રિકાળી છે તેમ એના અનંત ગુણો-જ્ઞાન, દર્શન, આનંદ એ ત્રિકાળી છે. એવા શુદ્ધ અંતઃતત્ત્વ ચૈતન્ય (તેને) સમ્યક્દષ્ટિ તેને અવલંબે છે.

✿ સમ્યક્દર્શન, જ્ઞાન થયું, પણ પછી જે શુદ્ધિ-ચારિત્રની વિશેષ શુદ્ધિ થવી એ પર્યાયના આશ્રયે નહીં થાય. અંતર જ્ઞાન સ્વભાવને આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ-ત્રિકાળી જ્ઞાયકના આશ્રયે શુદ્ધિની ઉત્પત્તિ, ત્રિકાળી જ્ઞાયકને આશ્રયે શુદ્ધિનું ટકવું, ત્રિકાળ જ્ઞાયકની અપેક્ષાએ (આશ્રયે) શુદ્ધિનું વધવું.

✿ પર્યાયની અંદરમાં ઊંડે ધ્રુવ છે ત્યાં ઉપયોગ ઊંડો ચાલ્યો જાય છે અને ભોંયરામાં ભગવાનના દર્શન પ્રાપ્ત થાય. જેમ માણસ ઉપરથી ભોંયરામાં જાય અને એમાં ભગવાનના દર્શન થાય એમ આ ઉપર મતિજ્ઞાનની પર્યાયને અંતરમાં 'ભોંયરા' એટલે 'ધ્રુવ' તરફ ઢળતા ભોંયરામાં જેમ ભગવાનના દર્શન થાય એમ આત્માના દર્શન થાય. એનો એ અર્થ થયો કે જ્ઞાયકભાવ-જે સ્વ છે પૂર્ણ-એનો પર્યાયે અંદર આશ્રય કર્યો એટલે ત્યાં લક્ષ કર્યું ત્યારે તેને ભગવાન પૂર્ણ છે તેમ ભાસ્યું. એ પર્યાય અંતરમાં વળી સ્વઆશ્રયમાં-એ નિશ્ચય છે. પછી ભલે એ નિશ્ચય સ્વઆશ્રય ધર્મધ્યાન હો. એ પણ નિશ્ચય સ્વના આશ્રયે ધર્મધ્યાન છે. ઉગ્ર આશ્રય લઈને ચારિત્ર-શુક્લધ્યાન હો. પણ એ બધું નિશ્ચય સ્વને આશ્રયે હોય છે. એ સ્વને આશ્રયે હોય તે નિશ્ચય છે.

✿ ધર્મી જીવને સમ્યક્દર્શનમાં આત્મા જણાયો છે તેથી શાંતિ તો હંમેશા થોડી છે જ. પણ પ્રતિકૂળ અને વિકટ સમય જ્યારે હોય ત્યારે શુદ્ધાત્માનું

શરણ વિશેષ ગ્રહે છે. અંતરનો વિશેષ આશ્રય લે છે. બહારથી હટીને અંદરમાં વિશેષ (આશ્રય) લે છે. વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું-ભગવાનનું પંચપરમેષ્ઠીનું નહીં. પંચ પરમેષ્ઠી તો પરદ્રવ્ય છે. એનું સ્મરણ કરશે તો એને રાગ થશે. પુણ્ય થશે. એમાં ધર્મ નહીં થાય.

✿ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની જે પર્યાય છે-એમાં જે વિકલ્પ, રાગાદિનો અંશ છે એ પ્રથમ પરથી ભિન્ન અને જ્ઞાયક સ્વભાવનો નિર્ણય કરી વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં મતિ-શ્રુતના વિકલ્પ તૂટી જાય છે.

✿ પંચ મહાવ્રતાદિના વિકલ્પને સાધન કહ્યા છે. પણ એ ખરેખર સાધન છે નહીં. એ તો વ્યવહારનયનું કથન છે. વીતરાગતા સાધન છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરું સાધન તો અંદરમાં 'કરણ' નામનો-'સાધન' નામનો ગુણ પડ્યો છે એથી એ દ્રવ્યનું અવલંબન ઉગ્ર લેતા કેવળજ્ઞાન થાય છે.

✿ ધર્મી જીવ એને કહીએ-જ્ઞાની ધર્મી એને કહીએ કે જેણે ત્રિકાળી જ્ઞાયકને પકડી અને જેની પર્યાયમાં શુદ્ધતા-સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. વીતરાગપર્યાય પ્રગટી છે તે ધર્મી-જ્ઞાની એ પર્યાયમાં રોકાતા નથી. દ્રષ્ટિ તો એની દ્રવ્યના ધ્રુવ ઉપર પડી છે. એક સમયની પર્યાયની સમીપમાં આ બાજુ અંતર ભગવાન પૂર્ણ વસ્તુ છે કે જેમાં એક સમયની પર્યાયનો પણ (જેનો) અભાવ છે એવા ત્રિકાળી દ્રવ્યનો જ આશ્રય કરવા યોગ્ય છે. તેનું શરણ લેવા યોગ્ય છે. 'અરિહંતા શરણમ્, સિદ્ધા શરણમ્, કેવળી પણત્તો ધમ્મો શરણમ્.' ધર્મ શરણ એ તો વળી પર્યાય થઈ ગઈ. અરિહંત, સિદ્ધનું શરણ એ તો પરદ્રવ્યનું થઈ ગયું. 'અરિહંતા શરણમ્, સિદ્ધા શરણમ્, સાહૂ શરણમ્'. એ તો પરદ્રવ્ય થઈ ગયું. 'કેવળી પણત્તો ધમ્મો શરણમ્'. ભગવાને વીતરાગ પર્યાયને ધર્મ કહ્યો પણ એનુંય શરણ નહીં અહીં તો. ત્રિકાળી જ્ઞાયક ભાવનું શરણ લેવા યોગ્ય છે. માંગલિકની વ્યાખ્યા પણ જુદી ચીજ છે.

✿ ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદના આશ્રયે સમ્યક્દર્શનની શુદ્ધિની પ્રથમ સાબિતી તે મોક્ષ સુધીની સર્વ દશાઓ પ્રાપ્ત થાય છે.

✿ વસ્તુ ભગવાન પરમ સ્વભાવભાવ એકરૂપ ચીજ એમાં રહેલા અનંતા-ગુણો એ ભેદરૂપ છે. તેને અવલંબતા સાધકને નિર્મળતા પરિણમતી નથી. ધર્મીને-ધર્મ સાધકને ભેદના લક્ષે નિર્મળતા પ્રગટતી નથી. અભેદ ત્રિકાળ દ્રવ્યને આશ્રયે નિર્મળતા-ધર્મની દશા પ્રગટ થાય છે.

✿ માણસને અટકવાના સ્થાન ઘણા, છૂટવાનું એક. ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેવો એક છૂટવાનો રસ્તો છે.

✿ ભગવાન આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. તેનો આશ્રય લઈને-છેલ્લામાં છેલ્લો આશ્રય લઈને જે સર્વજ્ઞ સ્વભાવ છે એમાંથી સર્વજ્ઞ પર્યાય આવે છે.

✿ ધર્મીકો શુભભાવ આતા હૈ પણ હૈ ભટ્ટી. 'રાગ આગ દાહ દહે સદા, તાતે સમામૃત સેઈયે' રાગ જિતના આતા હૈ 'યે રાગ આગ આગ હૈ દાહ' અગ્નિ હૈ, દાહ હૈ, દુઃખ હૈ, 'તાતૈ સુખામૃત સેઈયે.' સમતારૂપી અમૃતકા સેવન કર પ્રભુ ! ક્યોંકિ સમતા અને અમૃત સ્વરૂપ તો ભગવાન હૈ હી. આત્મા સમતા એટલે વીતરાગ અને અમૃત સ્વરૂપ સુખ-આનંદ સ્વરૂપ તો હૈ હી. ઉસકા આશ્રયસે વીતરાગ અને અમૃત આનંદ સ્વરૂપ હૈ ઉસકા અવલંબનસે-જો પર્યાયમેં વીતરાગતા અને અમૃત આનંદ આયા, વો તો વાસ્તવિક યથાર્થ હૈ. પણ જો રાગ આયા (હૈ) યે દુઃખ હૈ.

✿ એક સમયની પર્યાયમાં જો મહત્તા આવી જાય, એને મહાન પ્રગટ્યું એમ દશા થઈ જાય તો ભગવાન જે ત્રિકાળી એવી અનંતી પર્યાય અને અનંતા ગુણનો ધણી-એની દૃષ્ટિ એની ખસી જાય.

✿ જેણે દ્રવ્યદૃષ્ટિ કરી છે, જ્ઞાયકભાવનું જેણે અવલંબન લીધું છે-તેને તે વિકારી પર્યાય રહિતપણે પરિણમન થાય તેવો તેનામાં એક 'ભાવ' નામનો ગુણ છે અને તે ગુણનો ધરનાર દ્રવ્ય છે. માટે દ્રવ્યનો જેણે આશ્રય લીધો એને નિર્મળ જ પર્યાય થાય છે.

✿ નવી વીતરાગી વિશેષ શુદ્ધિની વૃદ્ધિ થવી હોય તો એ શુદ્ધિની પર્યાયમાંથી ન આવે. એ તો ત્રિકાળી જ્ઞાયક ભગવાન છે એને અવલંબે પ્રગટે નવી શુદ્ધતા. (પ્રમાણ વચન ગુરુદેવ)